દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬

# નેપાળની હોનારત એ હવામાન પરિવર્તન કેવા ભીષણ સંજોગો સર્જી શકે છે તેની ઝલક માત્ર છે?

ગયા બુધવારે નેપાળમાં જે વ્યાપક તબાહી સર્જતું ઘોડાપૂર ધસી આવ્યું તેમાં હજી જ્યારે બચાવ-રાહત કાર્યો ચાલુ છે ત્યારે આ મહા હોનારત એ હવામાન પરિવર્તનને કારણે સર્જાનારી વિભિષિકાઓની ઝલક માત્ર છે કે કેમ? એવી ચિંતા કેટલાક નિષ્ણાતો સેવવા માંડ્યા છે. આ હોનારત અંગે શરૂઆતમાં એવું માનવામાં આવતું હતું કે નાની તીવ્રતાના ભૂકંપની કારણે પાણીનો આટલો વિશાળ જથ્થો અચાનક ધસી આવ્યો, પરંતુ બાદમાં વૈજ્ઞાનિકોએ શોધી કાઢયું કે ખરેખર એક ગ્લેશિયરના ફાટવાથી આ દુર્ઘટના સર્જાઇ છે. ભૂવિજ્ઞાની જેકોબ સ્ટેઇનરે જણાવ્યું કે એવું લાગે છે જાણે કોઈકે છરી વડે નેપાળના હિમાલયમાં આવેલ હિમશિખરના નીચલા ભાગમાંથી ૧,૩૦૦ મીટર પહોળો ટુકડો કાપી નાખ્યો હોય અને તેને પહાડની ટેકરી પરથી નીચે ફેંકી દીધો હોય. ઓસ્ટ્રિયાની યુનિવર્સિટી ઓફ ગ્રાઝના આ સંશોધકે જણાવ્યું કે બરફ, ખડકો અને કાંપના આ "વિસ્ફોટ" જે સમુદ્ર સપાટીથી ૫,૦૦૦ મીટરની ઊંચાઈએથી ૧.૨ કિમી નીચે આવીને ખાબક્યો હતો, તેણે અસ્થાયી રૂપે નીચે વહેતી નદીને રોકી દીધી હતી અને એક તળાવ બનાવી દીધું હતું. સ્ટેઇનર કહે છે કે એકવાર ગ્લેશિયરમાંથી મુક્ત થયેલા પાણીના પ્રચંડ જથ્થાથી તે તળાવ ભરાઈ ગયું, ત્યારબાદ બંધ તૂટી ગયો અને હિંસક પૂરનું સ્વરૂપ ધારણ કર્યું. આ પૂરે સરહદની બંને બાજુએ આવેલા નીચાણવાળા ગામડોઓને તબાહ કરી નાખ્યા અને તેમને કાદવમાં ડૂબાડી દીધા.

જો કે કેટલાક આબોહવા વિજ્ઞાનીઓ માનવસર્જિત આબોહવા પરિવર્તનને આ ચોક્કસ ગ્લેશિયર તૂટવાના એકમાત્ર કારણ તરીકે અકાળે જોડવા અંગે સાવચેતી દાખવી રહ્યા છે. પરંતુ ગ્લેશિયર હાઇડ્રોલોજી અને ગ્લોબલ વોર્મિંગની પૃથ્વીના બરફ આચ્છાદિત ભાગો પર થતી અસરો પર સંશોધન કરતા નિષ્ણાતોનું કહેવું છે કે આ એ પ્રકારની દુર્ઘટના છે જેમના વિશે તેઓ વર્ષોથી ચેતવણી આપી રહ્યા હતા, ખાસ કરીને હિમાલયના પ્રદેશમાં. સાસકાચેવાન યુનિવર્સિટીના સેન્ટર ફોર હાઇડ્રોલોજીના ડિરેક્ટર જોન પોમેરોય કહે છે કે આ પ્રકારની ભયાનક ઘટનાઓ ખૂબ જ ઝડપથી વધી રહી છે કારણ કે આબોહવા પરિવર્તનની અસરો "આપણા નૈસર્ગિક માળખાને નષ્ટ કરી રહી છે. નેપાળની રાજધાની કાઠમંડુના ક્લાઇમેટ સાયન્ટિસ્ટ મંજીત ધકાલે આ ગ્લેશિયર તૂટવાના થોડા દિવસો પહેલા જ પરિવાર સાથે પ્રવાસ કરતી વખતે આ તબાહ થયેલા પ્રદેશમાંથી પસાર થયા હતા. તેઓ કહે છે કે હિમાલય એ એક "ખૂબ જ જટિલ જમીન સમૂહ" છે જે મ્યાનમારથી અફઘાનિસ્તાન સુધી ફેલાયેલા વિશાળ હિંદુ કુશ હિમાલય ક્ષેત્રનો ભાગ છે અને જેમાં ૬૩,૦૦૦ થી વધુ ગ્લેશિયર્સ આવેલા છે. અશ્મિભૂત બળતણ બાળવાથી ઉત્સર્જિત વાયુઓને કારણે વધતા વૈશ્વિક તાપમાને "આ પર્વતીય પ્રદેશને તાણ હેઠળ મૂકી દીધો છે," એમ ધકાલ કહે છે. તેમાં વરસાદની પદ્ધતિ બદલાવી, બરફ પીગળવાનું પ્રમાણ વધવું, વધુ હિમસ્ખલન થવું અને ગ્લેશિયર્સ પાછળ હટવાની પ્રક્રિયા ખૂબ ઝડપી બનવાનો સમાવેશ થાય છે. આ સદીના પ્રથમ ક્વાર્ટરમાં જ પૃથ્વીનું તાપમાન વધવાને કારણે હિમાલયે તેના ગ્લેશિયર કવરેજનો ૨૧ ટકા હિસ્સો ગુમાવી દીધો છે. તે કાયમી ધોરણે જામી ગયેલા બરફને પણ પીગાળી રહ્યું છે, જે આ ઊંચા પર્વતોને એકસાથે જકડી રાખે છે. આ બધી બાબતો ભેગી મળીને એ દર્શાવે છે કે આપણે વિશ્વમાં ક્યાંક ને ક્યાંક દર વર્ષે આવી ઘટનાઓ જોતા રહીશું, એમ એક વૈજ્ઞાનિકે જણાવ્યું હતું.

ગયા વર્ષે પણ આ જ નેપાળ-તિબેટ સરહદી વિસ્તારમાં ગ્લેશિયરના કારણે ઘોડાપૂર આવ્યું હતું, પરંતુ તે ગ્લેશિયરનો મોટો ટુકડો તૂટી પડવાને કારણે નહોતું થયું. તે ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ( GLOF )ના કારણે થયું હતું, જે ઘટના વિશ્વભરમાં અવારનવાર બને છે. કેટોલીકવાર આવું અચાનક અને ભારે વરસાદને કારણે થાય છે, જેમ કે ઓગસ્ટ ૨૦૨૫માં ભારતના હિમાલય પ્રદેશમાં એક ગામ નષ્ટ થઈ ગયું હતું. બીજી વખત તે વધુ ઊંચાઈ પરથી થયેલા હિમસ્ખલન કે ભૂસ્ખલનને કારણે થઈ શકે છે જે ભેગા થયેલા પાણીમાં ખાબકે છે. ૨૦૨૩ માં 'નેચર' દ્વારા પ્રકાશિત સંશોધન મુજબ, ગ્લોબલ વોર્મિંગ બરફના નુકસાનમાં વધારો કરી રહ્યું છે અને ત્યારબાદ ગ્લેશિયલ તળાવોનું કદ વધારી રહ્યું હોવાને કારણે તે વધુ સક્રિય અને ભયજનક બન્યા છે. તે અભ્યાસમાં અંદાજ લગાવાયો હતો કે આશરે ૧.૫ કરોડ લોકો તેઓ જ્યાં રહે છે તેના ૫૦ કિલોમીટરના વિસ્તારમાં GLOFs ના જોખમ હેઠળ છે - જેમાં મુખ્યત્વે હિમાલય, પણ દક્ષિણ અમેરિકાનો એન્ડીસ પ્રદેશ અને યુરોપના આલ્પ્સ પર્વતોનો સમાવેશ થાય છે. નેપાળની ઘટના સંપૂર્ણપણે હવામાન પરિવર્તનનું જ પરિણામ છે કે પછી કેટલાક પાકૃતિક પરિબળો પણ તેમાં ભાગ ભજવી ગયા છે? તે તો વિસ્તૃત સંશોધનો પરથી જ જાણી શકાશે. પરંતુ આમાં માનવ સર્જિત હવામાન પરિવર્તનનો થોડો ફાળો તો છે જે એમ જણાઇ આવે છે. અને આ હોનારત સૂચવે છે કે આવી વધુને વધુ આપત્તિઓ ટાળવી હોય તો સમગ્ર વિશ્વે પ્રદૂષણ નિવારણ માટે ગંભીરતાપૂર્વક પગલાઓ ભરવાની જરૂર છે.

## હીરાની શોધ

આફ્રિકામાં 'એકર્સ ઓફ ડાઈમન્ડસ'એક જાણીતી કથા છે. તે સુંદર સંદેશ પણ આપે છે.આફ્રિકામાં અલી હાફેદ નામનો ખેડૂત રહેતો હતો. તેની પાસે ફળદ્રુપ જમીન, બગીચા અને ભરપૂર પૈસા હતાં. તે સંતોષી અને સુખી જીવન જીવતો હતો. એક દિવસ એક પ્રવાસી તેના ઘરે આવ્યો અને કિંમતી હીરાની વાતો કરવા લાગ્યો -કેવી રીતે એક નાનકડો હીરો મહામૂલ્યવાન હોય છે અને પળવારમાં રંકને રાજા બનાવી શકે છે, કેવી રીતે હીરાની ખાણો ધરાવનાર માણસ પોતાનાં બાળકોને દુનિયાનાં દરેક સુખ આપી શકે છે.

પ્રવાસીની આ વાતો સાંભળી,રાત્રે અલી હાફેદ સૂઈ ન શક્યો. તેને લાગ્યું કે તે ગરીબ છે, કારણ કે તેની પાસે હીરા નથી. તેણે મનમાં નિર્ણય કર્યો કે તે હીરા મેળવીને જ રહેશે. તેણે પોતાનું ખેતર વેચી દીધું, થોડા પૈસા પત્નીને આપી કુટુંબની બાંહેધરી મિત્રો અને પડોશીને સોંપી અને બાકીના પૈસા લઈને પોતે હીરા શોધવા નીકળી પડ્યો. હીરા શોધવા તે આખું આફ્રિકા અને મિડલ ઇસ્ટ ફર્યો, પછી યુરોપ ભટક્યો, પૈસા ખૂટી ગયા, કપડાં ફાટી ગયાં. છેવટે, નિરાશા અને હતાશામાં, તેણે સ્પેનના દરિયાકિનારે સમુદ્રમાં ઝંપલાવીને પોતાનું જીવન ટૂંકાવી દીધું.

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

આ તરફ, જે માણસે અલી હાફેદનું ખેતર ખરીદ્યું હતું, તેણે ખેતરમાં કૂવો ખોદાવવાનું નક્કી કર્યું.થોડું ખોદકામ થયું પણ પાણી ન મળ્યું. હજી વધુ ઊંડું ખોદકામ કરવામાં આવ્યું. નીચે પાણીમાં ચમકતો પથ્થર દેખાયો.હજી વધુ ખોદકામ કરવામાં આવ્યું તો બીજા થોડા ચમકતા પથ્થર મળ્યા. વાત આખા ગામમાં ફેલાઈ ગઈ.અલી હાફેદની જમીનમાંથી હીરાની અખૂટ ખાણ નીકળી. એ જ ખેતર, જે અલી હાફેદે વેચી નાખ્યું હતું. જે હીરા શોધવા તે દુનિયાભરમાં ભટક્યો અને નિરાશ થઈ જીવ ગુમાવ્યો. તે તેના ખેતરમાંથી ઢગલાબંધ મળ્યા.

જે ખજાનો આપણે દૂર-દૂર શોધવા નીકળીએ છીએ, તે ઘણી વાર આપણા પોતાના ખેતરમાં, આપણી પોતાની આવડતમાં, આપણા આજના કામમાં જ દટાયેલો હોય છે. બહાર ભટકતાં પહેલાં, પોતાની અંદર અને પોતાની આસપાસ ઊંડું ખોદવાનું શીખો.

# શૈક્ષણિક સેમિનાર કે ભોજન સમારંભ સાથે સ્નેહમિલન?

**શિક્ષણ-સંસ્કાર**
**કાર્તિકેય ભટ્ટ**

**આ સમગ્ર વ્યવસ્થામાં ખરી પરીક્ષા અને અન્યાય તો એ વિદ્યાર્થીઓ તેમજ ગંભીર સંશોધકો સાથે થાય છે, જેઓ રાત-દિવસ એક કરીને ખરેખર પોતાની મહેનતથી ગુણવત્તાસભર પેપર તૈયાર કરે છે**

ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય વાર્તાકાર ધૂમકેતુની સુવિખ્યાત વાર્તા 'વિનિપાત'માં નૈતિક પતનની જે ઊંડી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી, તેનું એક અત્યંત દુ:ખદ અને વાસ્તવિક ચિત્ર આજે આપણા શિક્ષણ જગતમાં આબેહૂબ જોવા મળી રહ્યું છે. "પડે છે ત્યારે સઘળું પડે છે" - આ ઉક્તિ આજે શૈક્ષણિક સંસ્થાઓની આંતરિક સ્થિતિ પર બિલકુલ સચોટ બેસે છે. જે દેશ અને સંસ્કૃતિમાં શિક્ષકો જ પોતાની નૈતિક જવાબદારીઓમાંથી છટકબારી શોધતા હોય અને પોતાના કર્તવ્યથી ભાગતા હોય, ત્યાં ભવિષ્યની પેઢી કે સમાજના અન્ય વર્ગો પાસે ઊંચા આદર્શોની આશા પણ કેવી રીતે રાખી શકાય?

આ ગંભીર ચિંતાનો મુખ્ય સ્ત્રોત આજે કોલેજો અને યુનિવર્સિટીઓમાં યોજાતા કથિત શૈક્ષણિક સેમિનારો, તેમની કથળતી ગુણવત્તા અને તેમાં રજૂ થતા સંશોધન પત્રો (રિસર્ચ પેપર્સ) છે. જ્ઞાનના આદાન-પ્રદાન અને નવીન વૈજ્ઞાનિક કે સામાજિક સંશોધનોને પ્રોત્સાહન આપવાના પવિત્ર ઉદ્દેશ્ય સાથે શરૂ થયેલી આ પરંપરા હવે માત્ર એક વાર્ષિક ઔપચારિકતા બનીને રહી ગઈ છે.

વર્તમાન સમયનું કડવું સત્ય એ છે કે આવા સેમિનારોમાં ભાગ્યે જ ૧૦ ટકા જેટલું સાચું, મૌલિક અને સમાજ ઉપયોગી સંશોધન જોવા મળે છે. મોટાભાગના આયોજનો માત્ર ભવ્ય ઉદ્ઘાટન સમારંભો, ફોટોગ્રાફી, પ્રમાણપત્રોની વહેંચણી અને છેલ્લે સ્વાદિષ્ટ ભોજન સમારંભ સાથેના સ્નેહમિલનમાં જ સમેટાઈ જાય છે. શિક્ષણસંસ્થા જ્યારે કોઈ સેમીનારનું યપોજન કરે ત્યાંરે જ તેણે ભાગ લેનાર સાઉને બાયેધરી આપવી પડે છે કે તમતમારે રજિસ્ટ્રેશન કરવો બાકીનું આમે સમભલી લઈશું .

શરુઆતમાં એક બે સંસ્થાએ કરેલી આ લોકપ્રિય યોજના હવે સેમીનારની સફળતા માંટેની પૂર્વ શરત થઈ ગઈ છે. વર્ષને આન્તે સરકાર કે યુનીવર્સીટી માંત્ર સંખ્યા ગણવાના છે ગુણવત્તા ની નોધ ક્યાંય થવાની નથી . ફોટો ને વીડિઓ ગ્રાફી નેતિક પતનન પુરાવા નહી આપે. આવા સેમીનારમાં શૈક્ષણિક ચિંતનને બદલે ભોજન અને મુલાકાતો મુખ્ય બની જાય છે.

સેમિનારનો અસલી હેતુ ક્યાંક વિસરાઈ ગયો છે અને તે માત્ર એકેડેમિક સ્કોર વધારવાનું સાધન બની ગયું છે. આ સમગ્ર વ્યવસ્થામાં ખરી પરીક્ષા અને અન્યાય તો એ વિદ્યાર્થીઓ તેમજ ગંભીર સંશોધકો સાથે થાય છે, જેઓ રાત-દિવસ એક કરીને ખરેખર પોતાની મહેનતથી ગુણવત્તાસભર પેપર તૈયાર કરે છે. 'કટ-કોપી-પેસ્ટ'ના આ યુગમાં સાચા જિજ્ઞાસુઓ આ ભીડમાં ક્યાંક ખોવાઈ જાય છે.

શિક્ષણ જગતના આ વૈચારિક અને નૈતિક અધ:પતનને રોકવા માટે હવે માત્ર આંગળી ચીંધવાથી કામ નહીં ચાલે. શૈક્ષણિક સંસ્થાઓ, અધ્યાપકો અને નીતિ-નિર્ધારકોએ આ નૈતિક જવાબદારી સ્વીકારીને ગંભીરતાથી આત્મમંથન કરવાની તાતી જરૂર છે.

જો અત્યારે નહીં વિચારીએ, તો શિક્ષણનો આ 'વિનિપાત' રોકવો અશક્ય બની જશે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# વાઘની માસી ઘરમાં ઘૂસી..!

પૂછ્યા-પાછ્યા વગર ઘરમાં કોઈ ઘુસી આવે એ શિષ્ટાચાર ના કહેવાય. છતાં, કાગડા-કૂતરાં-બિલાડાં વગેરે પાસે એવી અપેક્ષા નહિ રખાય. આવી જ ચઢે ત્યારે 'હઅઅઅડ' કે 'હઅઅટ' બોલવા સિવાય બીજું ઉકાળી પણ શકો નહિ. બોલવા ગયા તો વળતો હુમલો પણ કરે, ભરોસો નહિ..! જોવાની વાત એ છે કે, એક પણ પ્રાણીના મુખવટાની મસોટી, અમારા પરિવાર સાથે 'મેચ' થતી ન હોવા છતાં, 'મારું ઘર, મારો ઓટલો, મારું આંગણું, જાણે એમના 'ફાધર'ની મિલકત હોય એમ, આવીને અડીંગો જમાવે. આપણને શંકા જાય કે, આપણે તો ગૌચરની જગ્યામાં મકાન બાંધ્યું નથી ને..? એવું પણ બને કે, એમની પ્રીમાઈસીસમાં હું જ ઘુસી આવ્યો હોઉં..! શંકા તો જાય જ ને યાર..! આ બાબતે જ્યોતિષની સલાહ લેવા માટે મને ચમનિયાએ કહ્યું. જ્યોતિષ એવો ખાધેલ નીકળ્યો કે, ઉકેલ આપતાં પહેલાં એણે મારી પાસે વંશાવલી માંગી. પછી કુંડળી જોઈને ગળે પડ્યો કે, 'લો..! તમે તો મારા ગુરુભાઈ નીકળ્યા..! તમારા દાદાના 'પરદાદા' અને મારા દાદાના 'પરદાદા' બંનેના ગુરુ એક જ નીકળ્યા. આપણા બે વચ્ચે તો રોટી-બેટીના સંબંધ છે. એના કપાળમાં કાંદા ફોડું, મૂળ મુદ્દો અભરાઈ ઉપર ચઢી ગયો ને 'બકરું કાઢતાં ઊંટ પેઠું..! પછી કહે, 'શાસ્ત્રોમાં લખ્યું છે કે, ૮૪ લાખ યોનિઓનો પ્રવાસ પૂરો થયા પછી આ માણસનો અવતાર મળે, એની તો તમને ખબર છે ને..? (હા જ કહેવી પડે ને..? નહિ તો એ બૂચો સમજે..!) પછી મારાથી પુછાઈ ગયું કે, 'વડીલ..! આ ૮૪ લાખ ફેરા કયા કયા એની તમને ખબર ખરી કે..?' એની જાતને પંડિત એવો ચાલુ નીકળ્યો કે, ૮૪ લાખ અવતાર મને ગણી બતાવ્યા મામૂ..! મને કહે, 'સાંભળ..! ૮૪ લાખમાં ૯ લાખ યોનિ: જળચર જીવો, ૨૦ લાખ યોનિ: સ્થાવર, એટલે કે, ઝાડ, પાન, વનસ્પતિ અને છોડવાના જીવો, ૧૧ લાખ યોનિ: કૃમિ અને કીટકોની એટલે કે, નાના જીવજંતુઓના જીવો, જેવાં કે, સરીસૃપ અને સાપ વગેરે, ૧૦ લાખ યોનિ: પક્ષીઓના જીવો, ૩૦ લાખ યોનિ: પશુઓના જીવો અને ૪ લાખ યોનિ: મનુષ્ય અને માનવ જેવા સભાન જીવો મળીને સરવાળે ૮૪ લાખ ફેરા થાય..! આ બધા જ જીવો આપણા ને આપણા જ હોય, એટલે કોઈ ને કોઈ આત્મા તો પોતીકો માલ સમજીને ઘરની આસપાસ આંટા મારતો જ હોય..! બીજું કે, માત્ર મનુષ્યના અવતાર પાસે જ સારાં-નરસાં કર્મો વચ્ચેનો ભેદ પારખવાની બુદ્ધિ હોવાથી, સ્વાભાવિક છે કે, ચકરાવામાં ફરતા જીવો, આદર હોય ત્યાં જ આવે..!' ત્યારે મને ખબર પડી કે, આ બધા મારા ઘરે જ આવીને ઓટલાઓ કેમ પાવન કરી જાય છે? બાકીના કોઈ ઘરમાં બલાડું નહિ ફરકે ને બધાના ધામા મારા જ આંગણે હોય, એટલે વિચાર તો આવે ને..? પેલા જ્યોતિષે જણાવ્યા પ્રમાણે, એ બધા શું મારા પૂર્વજો હશે? અત્યારે તો મને એમ થાય છે કે, હું મારા 'આનંદદ્વાર' માં રહું છું કે, પ્રાણી સંગ્રહાલયમાં? હાંકીને ભગાડવા જાઉં તો પેલી કહેવતનો દોષ લાગે કે, 'કોની ગાય કોનું ખાય, હાંકે તેનું નખ્ખોદ જાય!' વળી, કેટલાંક તો કોઈ ને કોઈ દેવ-દેવી સાથે ઊંચી પહોંચ ધરાવતા હોય! કોઈ ને કોઈના વાહન તો હોય જ..! હાંકવા જઈએ તો ભગવાન સાથે દુશ્મની થાય. કહેવાય છે કે, ડોક્ટર અને ભગવાન સાથે ક્યારેય બગાડાય નહિ. ભગવાન સાથે વેર કરીએ તો એ ડોક્ટરને ત્યાં મોકલે ને ડોક્ટર સાથે બગાડીએ તો એ ભગવાનને ત્યાં મોકલે! (આવું થાય નહિ, પણ આ તો હસવાની એક વાત!)

આ બધી સુગા-સૂગની વાત છે ભાઈ! માણસ જેવા માણસને, માણસની સૂગ લાગે તો, આ તો પ્રાણી કહેવાય! કૂતરા જેવા કૂતરાને પણ બીજા મહોલ્લાનાં કૂતરાની ગંધ ગમે નહિ. કોઈ આતંકવાદી ઘુસી આવ્યો હોય એમ, ભસવાના અવાજથી મહોલ્લો ભરી નાંખે! તે ગળું પરવારી જાય ત્યાં સુધી ભસે..! બાકી મુદ્દાની વાત કરીએ તો, આંગણામાં બે-ચાર ગાવડા વાગોળતા હોય, ત્રણ-ચાર કૂતરાં ઓટલે ઉજાગરાનો ઉપવાસ છોડતા હોય, ઉંદરડાઓ ઘરમાં પકડદાવ રમતા હોય, વાઘની માસી બિલાડી મ્યાઉંના ટહુકા મૂકતી હોય તો, જીવન પણ હરાભરા કબાબ જેવું લાગે. ક્યારેક તો આંગણે આવતાં પ્રાણીઓ જીવાડી પણ જાય. જિંદગી કપાવાને બદલે જીવતા હોય એવું લાગે. મઝા આવે યાર..? દિવસનાં પ્રાણીઓની હુંફ અને સાંજ પડવા આવે એટલે મચ્છરોની રાત-પાળી શરૂ થાય. સાતનો ટકોરો થાય, એટલે મચ્છરોનો 'ગુનગુન' નો Show શરૂ થવા માંડે, જે આખી રાત ચાલે..! Show માં ખાણી-પીણી તો હોય જ. પેટ્રોલ-પંપની માફક આપણું શરીર જાણે, 'લોહીનો-પંપ' હોય એમ, 'ફેમીલી પેક' માં લોહી પીવાની ખાણીપીણી શરૂ થાય..! કોઈએ સાચું જ કહ્યું છે કે,

મુઠ્ઠીભર હૈયું ને ખોબાભર પેટ મુદ્દા તો બે જ તોયે કેટલી વેઠ જેને પેટ લાગ્યું હોય, એ બિચારા ભૂખ્યા થાય તો જાય પણ ક્યાં? જ્યોતિષની ફોર્મ્યુલા પ્રમાણે પોતીકા પાસે જ આવે ને? જો કે, માણસની અને મચ્છરની લોહી પીવાની સીસ્ટમ જરા અલગ. મચ્છર પેટ ભરવા લોહી પીએ, ને માણસ લોકોનું પેટ બાળવા લોહી પીએ! બાકી, આમ જુઓ તો મચ્છર લોહી પીવા આવતા નથી પણ માણસને રક્તદાન કરવાની ટેવ પાડવા આવે. મચ્છરોનો તો આપણે આભાર માનવો જોઈએ કે, ઘરબેઠા આપણને 'રક્તદાન' નું પુણ્ય કમાઈ આપે. મનથી કે



**મંગલ મસ્તી**
**રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'**

**એક બાજુ ગણપતિ બાપાનું વાહન ને બીજી બાજુ વાઘની માસી..! ધર્મસંકટ આવી ગયું..! બેમાંથી એકેય સાથે સંબંધ નહિ બગાડાય ટ્રાફિક પોલીસની જેમ મારે તો જોયા જ કરવાનું..!**

કમનથી, મચ્છરને લોહી પીવા દે, એ પણ 'રક્તદાન' જ કહેવાય..! આપણને પુણ્ય મળે ને. એમનું પેટ ભરાય. એ પણ ખુશ ને આપણે પણ ખુશ..! તંઈઈઈઈ..?

એક વાત નોંધવા જેવી કે, જરૂરી નથી કે, આ બધાં બારણા વાટે જ આવે. ભલે ને પ્રવેશદ્વાર ભવ્ય કે સુશોભિત કેમ ના હોય..? લાગ મળે તો બારીમાંથી પણ ઘૂસે ને બારી-બારણાની ફાંટમાંથી પણ ઘૂસે..! એક વાર તો, એક વાંદરું ઘુસી આવેલું. એને એમ કે, મા ભગવતીજીને અમે જ સંતાડેલી. મેળ નહીં પડ્યો તો, આવેશમાં આવીને મારી સિતાર તોડીને ભાગી ગયેલું..! હવે તમે અંદાજ લગાવો કે, અમારા ઘરમાં 'અતિથિ દેવો ભવ:' ના સંસ્કાર કેવા જોરદાર હશે..? ઉંદરોની વાત કરું તો, અમારે ત્યાં માણસની વસ્તી તો ક્યારની અટકી ગયેલી, પણ તેની ખોટ ઉંદરોએ ભરી. ઉંદરોની વસ્તી વધી ગઈ..! હું પણ તબિયતે પાછો સૂંઢ વગરના ગણપતિબાપા જેવો ખરો, એટલે કદાચ ઉંદરોને પણ પોતીકા જેવું લાગ્યું હશે..! એવું અનુમાન..! થયું એવું કે, ઉંદરોને હાથ આપ્યો તો, મારું પહોંચુ પકડી લીધું..! ઉંદરોનું Production એટલું વધી ગયું કે, મારી હાલત આરબના ઊંટ જેવી થઇ ગઈ. ઊંટ અંદર અને આરબ બહાર..! કલાપી સાહેબ જો જીવતા હોત તો, એકાદ કવિતા લખી નાંખી હોત કે, 'જ્યાં જ્યાં નજર મારી ઠરે. ઉંદરો ભટકાય છે ચરણ મહીં..!' અમે નક્કી જ ના કરી શક્યા કે, ઘરના માલિક અમે છે કે ઉંદરડા..? સમય જતા ઉંદરોનું જોર એટલું વધ્યું કે, એની પાછળ વાઘની માસી આવી. એમાં ઔર ટેન્શન વધ્યું કે, માસીને મળવા હવે વાઘ નહિ આવે તો સારું..! માસી એટલે માસી યાર..? વાઘની વાઈફને આપણી વાઈફ ના કહેવાય, પણ વાઘની માસીને તો માસી કહેવાય. No problem.! એક બાજુ ગણપતિ બાપાનું વાહન ને બીજી બાજુ વાઘની માસી..! ધર્મસંકટ આવી ગયું..! બેમાંથી એકેય સાથે સંબંધ નહિ બગાડાય. ટ્રાફિક પોલીસની જેમ મારે તો જોયા જ કરવાનું..! મારે પાંચ માસી અને ચાર માસાની (એક માસાની શોધખોળ ચાલુ છે.) સિલ્લક હોવા છતાં, તેમના કરતાં વાઘની માસીનો આદર સત્કાર અમે વધારે કર્યો હશે. હાંકી કાઢવાનો બળપ્રયોગ તો થાય નહિ, વાઘ અને માસો બંને આવી પડે..! માસીમા ભલે વાઘણ જેવાં લખ્ખણ ના હોય પણ, એના ડોળા એટલે, મારી શૈલીના ડોળા પણ માસીના ડોળા આગળ ફિક્કા લાગે..! આજે પ્રાણીઓ સાથે મારે એવો નાતો બંધાઈ ગયો છે કે, એમના વગર અમે સૂના, ને અમારા વગર એ લોકો સૂના..! લોકો પણ મને નામથી ઓળખવાને બદલે પ્રાણી સંગ્રહાલયવાળા 'રમેશ-પ્રાણી' થી વધારે ઓળખે છે બોલ્લો ..!

**લાસ્ટ બોલ**

એક બરમૂડાએ મને પૂછ્યું કે, 'મચ્છર છે કે, મચ્છરી છે એની ઓળખ તમે કેવી રીતે કરો?

મેં કહ્યું, '' જે ચચરાવીને ચટકો મારીને લોહી ચૂસે, એ મચ્છર..! ને જે લોહી ચૂસવા કકળાટ કરે, ને ફોસલાવીને લોહી પીધા પછી અરીસા ઉપર 'ટાપટીપ' કરવા બેસે તે મચ્છરી''..!

તારા કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## પ્રભુ શ્રી રામ રિસાઈ ગયા છે,!!

કુદરત પોતાની નૈસર્ગિક સુંદરતા અને સૌમ્યતા મનુષ્યને બક્ષે છે, તેની સાથે સાથે આ નૈસર્ગિકતા ને ખતમ કરી નાખનાર મનુષ્ય ને આ જ કુદરત(અહીં પ્રભુ શ્રીરામ સમજવું) પુર, ભૂકંપ, ભૂસ્ખલન, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ,,અને તિબેટ ,નેપાળ જેવી હોનારત દેખાડીને વોર્નિંગ આપે છે કે મારી સાથે રહો મારી સામે નહીં!!!

પર્યાવરણનું નિકંદન :

વન ,વગડા , જળ, જંગલ ,જમીન નું બેફામ કોમર્શિયલાઈઝેશન અને અંદમાન નિકોબાર નું ઘાટ લીલુંછમ જંગલ ધરાવતાઆઈલેન્ડ ને પોતાનો પ્રચાર ખર્ચ ઉઠાવતા બકા ઓ (અદાણી) ને પધરાવી દઈને ભક્તો પ્રભુ શ્રીરામની સહનશક્તિ ની પરીક્ષા લઈ રહ્યા છે!!

અને કમાલની વાત એ છે કે આ પરીક્ષા નું પેપર ક્યાંય ફૂટી નથી જતું,, આ અઘરા પ્રશ્નપત્ર નો જવાબ તો અંતે કુદરતે જ આપવો પડે છે,,

કુદરત ખૂબ દયાળુ અને દિલદાર છે,, પોતાના ભક્તો ચોર છે એવું તો તેઓ જાણે જ છે ,છતાં દાનની ચોરી કરનારા પ્રત્યે આંખ આડા કાન કરીને તેઓ એ ખુબ સહન કર્યું ,પરંતુ હવે સહનશક્તિ ખૂટી ગઈ અને પ્રભુ શ્રી રામ રિસાઈ ગયા,, અને કહેવા લાગ્યા છે કે,,

હંસલા ચારો ચરે ને કાગડા મોતી વીણે,

પ્રકૃતિ વિપરિત રીતે જો આમ વિસ્તરતી રહે!!

તો શક્ય છે કે એક દિ !!

માનવ પૂજા ઈશ્વર કરે!!

**નવસારી -રાજન જોશી**

## ગણપતિ બાપ્પાનું ભવ્ય આગમન

સુરત એટલે ઉત્સવ અને ઉમંગની નગરી, અને જ્યારે વાત ગણેશોત્સવની હોય ત્યારે સુરતીઓનો ઉત્સાહ સાચે જ ચરમસીમાએ પહોંચી જાય છે. ભાદરવા સુદ ચોથ નજીક આવતાં જ સમગ્ર શહેર "ગણપતિ બાપ્પા મોરિયા"ના ગગનભેદી નારાઓથી ગુંજી ઊઠે છે.

બાપ્પાના ભવ્ય આગમન માટે મહિનાઓ અગાઉથી જ તૈયારીઓ શરૂ થઈ જાય છે. આગમન યાત્રાઓ દરમિયાન સુરતના રાજમાર્ગો ઢોલ-નગારા, નાસિક ઢોલ અને ડીજેના તાલ પર ધબકી ઊઠે છે. ગુલાલની છોળો, ભવ્ય આતશબાજી અને યુવાનોના ઉત્સાહભર્યા ગરબા-નૃત્યથી વાતાવરણ ભક્તિમય બની જાય છે. 'સુરત કા રાજા' સહિત શેરીએ-શેરીએ બનતા ભવ્ય પંડાલોમાં વિઘ્નહર્તાનું અત્યંત શાહી અંદાજમાં સ્વાગત કરવામાં આવે છે.

છેલ્લા કેટલાક વર્ષોથી માટીની ઈકો-ફ્રેન્ડલી પ્રતિમાઓની સ્થાપના કરીને સુરતીઓ પર્યાવરણ પ્રત્યે પણ સભાનતા દર્શાવી રહ્યા છે. મોદકની મીઠાશ, લાઈટિંગનો ઝગમગાટ અને ભક્તિભાવથી છલકાતો આ માહોલ સુરતની એકતા અને જીવંત સંસ્કૃતિનું અદભુત પ્રતીક બની રહે છે.

**સુરત - રસિક કોશિયા**

## ગુજરાતનું ભવિષ્ય પારણામાં જ દમ તો નથી તોડી રહ્યું ને?

ગુજરાતના વિકાસની મોટી વાતો વચ્ચે બાળ આરોગ્યના આંકડા આપણને થોભીને વિચારવા મજબૂર કરે છે.

2021માં ગુજરાતમાં 11,815 શિશુ મૃત્યુ નોંધાયા હતા – આ માત્ર આંકડો નથી, હજારો પરિવારોની અધૂરી ખુશીઓ છે.

કુપોષણ, ઓછું જન્મવજન, સમય પહેલાં જન્મ અને ગંભીર ચેપ જેવા કારણો આજે પણ પડકાર બની રહ્યા છે.

સરકાર દ્વારા પોષણ અને બાળ કલ્યાણ પાછળ કરોડો રૂપિયાનું બજેટ ફાળવાય છે, પરંતુ સવાલ છે – તેનો વાસ્તવિક લાભ બાળક સુધી કેટલો પહોંચે છે?

મોટી હોસ્પિટલોથી વિકાસ સાબિત થતો નથી, જો સમયસર સારવારથી એક નવજાતનું જીવન ન બચી શકે.ગ્રામ્ય વિસ્તારોમાં નિષ્ણાતોની અછત અને સારવાર સુધીનું અંતર ચિંતાજનક છે. બીજી તરફ, અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા જેવા શહેરોમાં પણ શિશુ મૃત્યુનો પ્રશ્ન ગંભીર છે. અર્થાત્ સમસ્યા માત્ર સુવિધાના અભાવની નથી, પરંતુ સુવિધા સુધી સમાન પહોંચની પણ છે.

સરકારે હવે ખર્ચની વિગતો સાથે યોજનાઓના વાસ્તવિક પરિણામો પણ જાહેર કરવા જોઈએ. દરેક શિશુ મૃત્યુનું કારણવાર ઓડિટ અને જિલ્લા-વાર જવાબદારી નક્કી થવી જોઈએ.

NICU, SNCU, બાળરોગ નિષ્ણાતો અને ઈમરજન્સી રેફરલ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવી જરૂરી છે.

'કેટલા રૂપિયા ખર્ચાયા?' કરતાં 'કેટલા બાળકો બચ્યા?' એ વિકાસનું માપદંડ બનવું જોઈએ. બાળકનું જીવન કોઈ રાજકીય પક્ષનો મુદ્દો નથી – તે સમગ્ર સમાજની જવાબદારી છે. ગુજરાતનું સાચું ભવિષ્ય રસ્તાઓ અને ઈમારતોમાં નહીં, પરંતુ સ્વસ્થ અને સુરક્ષિત બાળકોમાં વસે છે. હવે કાગળ પરની યોજનાઓ નહીં, જમીન પર દેખાતા પરિણામોની જરૂર છે.

**સુરત -આશિષ ટેલર**

## પવિત્ર પ્રેમ

પ્રેમ બે હૈયા વચ્ચેનું મિલન છે. પ્રેમ પવિત્ર છે. પ્રેમ આંધળો નથી. પ્રેમમાં પાગલપન ન હોવું જોઈએ. પ્રેમમાં વાસના, કામનાનો ભાવ ન હોવો જોઈએ. પ્રેમ મુક્ત હોય. પ્રેમમાં કોઈ બંધન ન હોય. પ્રેમીપંખીડાંઓ પ્રેમની પાંખ થકી દૂર દૂર સુધી પહોંચી શકે. પ્રેમની પરાકાષ્ઠા એટલે આત્મા અને પરમાત્માનું મિલન. રાધા અને કૃષ્ણ, રામ અને સીતા, કૃષ્ણ અને સુદામાનો મૈત્રી પ્રેમ, ભાઈ-બહેન વચ્ચે રક્ષાબંધનનો પ્રેમ. પ્રેમને પાંગરવામાં ઘર કે સમાજ તરફથી અવરોધ પેદા થતો હોય છે. પ્રેમમાં પાગલપન આત્મહત્યા સુધી પહોંચે, એકબીજાને પામવા ફાંસો ખાવો એ પ્રેમ નથી. લવજેહાદના નામે જિંદગી બરબાદ કરનાર અનેક કિસ્સાઓ નોંધાતા રહે છે.

અપરિપક્વ પ્રેમને કારણે ઘણી વાર બદલો લેવાની ભાવના જાગે છે. પ્રેમમાં સફળતા ન મળતાં એસિડ છાંટવું કે ઊંચેથી ફેંકી દેવું, મારી નાખવું જેવા અમાનવીય કૃત્ય હાથ ધરવામાં આવે છે. ત્યારે પ્રેમની વ્યાખ્યા બદલાઈ જાય છે. પ્રેમની બદનામી થાય છે. પ્રેમની પવિત્રતા જળવાતી નથી.

**સુરત -ગોપાળ પરમાર**

## સ્તબ્ધ થઈ ગયો....

સુરત સ્ટેશનની ટિકિટબારી પર આગળ એક આધેડ વયની અભણ સ્ત્રીએ ટિકિટ લીધી અને આકસ્મિક રીતે એક જ ડબ્બામાં અમે ભેગાં થઈ ગયાં. નવસારી બાદ ટિકિટચેકર આવ્યો. સૌની ટિકિટ તપાસી. પેલી મહિલા પાસે ટિકિટ માંગી. કેડ પર ખોંસેલ લઘરવઘર સાડીના છેડામાંથી ટિકિટ કાઢી બતાવી. ટી.સી. અચંબામાં પડી ગયો. આ તો પ્લેટફોર્મ પાસ છે. જવાબમાં પેલી મુસાફર ત્રાટકી. છૂટા નથી એમ બહાનું બતાવી બાકીના પૈસા ખાઈ ગયો. વધુમાં ઉમેર્યું તમારી ગાડી ઉપડી જશે એમ કહી બાકીના પૈસા ગપચાવી ગયો. તુંજ હવે મને બિલ્લીમોરા પ્લેટફોર્મ બહાર મૂકી જજે.

ટિકિટચેકરે મામલો સંભાળી લીધો. સાથી કર્મચારીને કહ્યું આને બિલ્લીમોરા પ્લેટફોર્મ બહાર મૂકી આવજે. કંઈક ગડબડ થઈ લાગે છે. બિલ્લીમોરા પ્લેટફોર્મ બહાર નીકળી તેણીએ મને પ્રશ્ન પૂછ્યો તું કેટલામાં હુરતથી આવ્યો? હું તો બે રૂપિયામાં આવી. વિજયનું ખંધુ હાસ્ય એના મોં પર જોઈ હું સ્તબ્ધ થઈ ગયો.

**સુરત -કુમુદભાઈ બક્ષી**